ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
બ્લોક નં.૨, પહેલો માળ, "કર્મયોગી ભવન",
સેકટર-૧૦એ, ગાંધીનગર
જાહેરાત ક્રમાંકઃ ૧૮૯/૨૦૨૦૨૧ અંગેની વિગતવાર સૂચનાઓ
(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gsssb.gujarat.gov.in)

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર ધ્વારા નાણા વિભાગના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકની "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-3 સંવર્ગની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા આ જાહેરાતમાં ફકરા નંબર ૪ માં ઉલ્લેખ કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામા ઓજસ વેબસાઇટ ઉપર ઓન લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઈટ પર તા.૦૫/૦૨/૨૦૨૧ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૧/૦૩/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે.

1) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં ફકરા નંબર ૭ માં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત આ સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી ભરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.
2) ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડ ખાંપણ (હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવાપાત્ર ઠરે નહીં.
3) પસંદગીની પ્રક્રિયા; આ જાહેરાતમાં ફકરા નંબર ૯ માં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની કસોટી તથા કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પ્રક્રિયામાંથી ઉમેદવારે પસાર થવાનું રહેશે.
4) પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી, નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. ભરવાપાત્ર જગ્યાઓની કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.

નાણા વિભાગના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકની "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" સંવર્ગ વર્ગ-3 ની કેટેગરીવાર ખાલી જગ્યાઓની વિગતો. :

| કુલ જગ્યા | બિન અનામત | | આર્થીક રીતે નબળા વર્ગો | | સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | | અનુસુચિત જાતિ | | અનુસુચિત જનજાતિ | | કુલ જગ્યા પૈકી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક | શા.ખો.ખા. |
| ૩૨૦ | ૯૦ | ૪૩ | ૨૨ | ૧૦ | ૫૮ | ૨૮ | ૧૫ | ૦૭ | ૩૨ | ૧૫ | ૩૨ | ૦૯ |

ઉપર દર્શાવેલ કેટેગરીવાઇઝ ભરવાપાત્ર જગ્યાઓમાં ભાગ-૧ લેખિત પરીક્ષાના આગળના દિવસ સુધી વધ-ઘટ થવાપાત્ર છે.

5) અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
   - ૩૨૦ જગ્યાની જાહેરાત હોઇ, આ પ્રસંગે રોસ્ટર મુજબ વિકલાંગતા ધરાવતા ઉમેદવારની જગ્યા અનામત રાખવામાં આવેલ છે.

6) એક ઉમેદવાર એક અરજી (No multiple application);
   - એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી (multiple application) ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી (સૌથી ઉંચા નંબરની) એક જ અરજી માન્ય રહેશે. તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

- એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, **(multiple application)** ફી ભરેલી છેલ્લી અરજી સાથેની ફીને, ફી નહીં ભરેલી અન્ય અરજી સામે ગણવામાં આવશે નહીં.
- જે ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી અરજી (ફી સાથે કે ફી વગર) માન્ય ગણવામાં આવશે. અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

7) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧-૧૧-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/ ૧૦૯૬/ ૨૨૧૩/ગ.૨ (ભાગ-૧) ની જોગવાઇઓને ધ્યાને લઇને મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગ્યાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગ્યા સંબધિત કેટેગરી (જનરલ, E.W.S., એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

8) માજી. સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગ્યા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (જનરલ, E.W.S., એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

9) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ મેરીટના ધોરણે પસંદગી પામી શકે છે.)

૨. પગાર ધોરણ :

નાણાં વિભાગનાં તા.૧૬/૨/૨૦૦૬, તા.૨૯/૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧ તથા તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ નંબર : ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : ખરચ/ ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨) ઝ.૧ તથા છેલ્લે તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂા.૧૯,૯૫૦=૦૦ નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર-૧૧-૨૦૧૫–૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-૦૩-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩) / ઝ.૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી પગારધોરણ આરઓપી-૨૦૧૬ રૂ.૨૫,૫૦૦/- થી રૂ.૮૧,૧૦૦/- પે મેટ્રીકસ- લેવલ-૭ અનુસાર સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

૩. રાષ્ટ્રીયતા :

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૪. શૈક્ષણિક લાયકાત :

સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંકપાત્ર થવા માટે ઉમેદવારે નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇશે.

**(i) a degree in Bachelor of Business Administration or Bachelor of Computer Application or Bachelor of Commerce or Bachelor of Science (Mathematics/ Statistics) or Bachelor of Arts (Statistics/ Economics/ Mathematics) obtained from an University established or incorporated by an Act of the Central or State Legislature in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; or possess an equivalent qualification recognized as such by the Government.**

નોંધ: ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતનાં અર્થઘટન સંબંધે ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે સબંધિત વિભાગ / ખાતાના વડાની કચેરીનો પરામર્શ કરીને યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

(ii)ઉમેદવાર; (૧) રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ મુજબ કોમ્પ્યુટરના બેઝીક નોલેજનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. વિકલ્પે, (૨) કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવી લાયકાત સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાંથી મેળવેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે, અથવા (૩) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮-૦૩-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર- ૧૦- ૨૦૦૭- ૧૨૦૩૨૦- ગ.૫ ની જોગવાઇ અનુસાર, ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટર વિષય સાથે પાસ કરેલ હોવાના પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.

ઓનલાઇન અરજી કરવાના તબક્કે ઉમેદવાર આવું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તો પણ, અરજી કરી શકશે પરંતુ નિમણૂંક મેળવતા પહેલાં ઉમેદવારે આવું પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે, અન્યથા આવા ઉમેદવાર નિમણૂંક મેળવવા પાત્ર ઠરશે નહીં ; અને

(iii) ઉમેદવાર ગુજરાતી અને / અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

૫. વયમર્યાદા :-

1) "પેટા હિસાબનીશ / સબ ઓડિટર"ની જગ્યા માટે અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ના રોજ ઉમેદવારની ઉમર <u>૩૫ વર્ષથી વધુ નહિ</u> હોવી જોઈશે.

2) સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, મૂળ ગુજરાતના હોય તેવા અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(૧) સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૨) સદર જગાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેના પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦(દશ) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ જે તે અનામત વર્ગની મહિલા કેટેગરીની અનામત જગા દર્શાવેલ નથી તેવી મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૩) આર્થિક રીતે નબળા વર્ગોની વય મર્યાદામાં છૂટછાટ :

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Section)ની કેટેગરીના પુરૂષ/ મહિલા ઉમેદવારને પાંચ (૦૫) વર્ષની છુટછાટ મળવાપત્ર થશે તથા મહિલા ઉમેદવારને મહિલા તરીકેના પાંચ (૦૫) વર્ષની વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ રાજ્ય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૧૪/૦૧/૨૦૧૯ થી તા.૦૧/૦૩/૨૦૨૧ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગા નો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી. (અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ માન્ય હોય તેવું સર્ટીફિકેટ)

(૨) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ Annexure-KH (Eligibility Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમુનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તા.૧૪/૦૧/૨૦૧૯થી અરજી કરવાની છેલ્લી તારીખ:૦૧/૦૩/૨૦૨૧ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે. (અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ માન્ય હોય તેવું સર્ટીફિકેટ)

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(૩) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) ૧૯૬૭ ની જોગવાઇ મુજબ જે ઉમેદવારો રાજય સરકારની સેવામાં (ફીડર કેડર) માં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. આ માટે ફીડર કેડર તરીકે હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતાના નિયમીત પગાર ધોરણમાં ફરજ બજાવતા "જુનિયર ક્લાર્ક / ક્લાર્ક કમ ટાઇપીસ્ટ / ટાઇપીસ્ટ (ગુજરાતી) / ટાઇપીસ્ટ (અંગ્રેજી)" ગણાશે.

(૪) સદરહું સંવર્ગની જગ્યાઓમાં S.E.B.C. કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા S.E.B.C. કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૭ થી અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સા માં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૫) માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં.

(૬) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

3) અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

4) વિકલાંગતા ધરાવતાં ઉમેદવારો માટે જગ્યા અનામત સુનિશ્ચિત કરાયેલ હોઇ, વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળવાપાત્ર થશે.

5) ઓનલાઇન અરજી કરતી વખતે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી પરંતુ જે તે કેટેગરીમાં અરજી કરનારા ઉમેદવારો આવા પ્રમાણપત્રો ધરાવતા હોય તેમણે જ જે તે કેટેગરીમાં અરજી કરવાની રહેશે.

૬. વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં વયમર્યાદા અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે. અન્ય તમામ બાબતો માટે પણ **cut off date** તા.૦૧/૦૩/૨૦૨૧ની ગણવાની રહેશે.

૭. અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા મુજબ; તા.૦૫/૦૨/૨૦૨૧(બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૧/૦૩/૨૦૨૧ (સમય રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી) દરમ્યાન **https://ojas.gujarat.gov.in** પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે

1) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું.
2) હવે **"Apply On line" Click** કરવું.
3) **"Sub Accountant / Sub Auditor"** ની જાહેરાત ક્રમાંકઃ ૧૮૯/૨૦૨૦૨૧ ઉપર **click** કરવાથી **screen** ઉપર **more details** અને **Apply now** ના જગ્યાની વિગતો મળશે. જે **more details clik** કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે વાંચી જવી.
4) તેની નીચે **"Apply now"** પર **click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
5) **Personal Details** ભરાયા બાદ **"Educational Details"** ભરવા માટે **"Educational Qualifications"** પર **click** કરવું.
6) તેની નીચે **"Self declaration"** પર **click** કરવું. ત્યારબાદ
7) ઉપરની શરતો સ્વીકારવા માટે **"Yes"** પર **click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.
8) હવે **"save"** પર **click** કરવાથી તમારી અરજીનો **online** સ્વીકાર થશે.
9) અરજી કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

10) હવે **Upload Photograph** પર **click** કરો અહીં તમારો **application number type** કરો અને તમારી **Birth date type** કરો. ત્યારબાદ **ok** પર **click** કરવું. અહીં **photo** અને **signature upload** કરવાના છે. (**Photo** નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને **Signature** નું માપ ૨.૫ સે.મી. લંબાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (**photo** અને **signature upload** કરવા સૌ પ્રથમ તમારો **photo** અને **signature jpg format** માં (**15 kb**) સાઈઝથી વધારે નહિ તે રીતે સ્કેન કરી **computer** માં **Save** કરેલા હોવા જોઈએ.) **"browse" button** પર **click** કરો. હવે **choose file** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **jpg format** માં તમારો **photo store** થયેલ છે, તે ફાઈલને **select** કરો અને **"open" button** ને **click** કરો. હવે **"browse" button** ની બાજુમાં **"upload" button** પર **click** કરો. હવે બાજુમાં તમારો **photo** દેખાશે. હવે આજ રીતે **signature** પણ **upload** કરવાની રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/ નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

11) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** પર **click** કરો અને **"Application number"** તથા **Birth Date type** કર્યા બાદ **Ok** પર **click** કરવાથી ત્રણ બટન (૧) **ok** (૨) **show application preview** અને (૩) **confirm application** દેખાશે. ઉમેદવારે **show application preview** પર **click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **edit** કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **click** કરવું. તેથી ઉમેદવારની અરજીનો મંડળમાં **online** સ્વીકાર થઈ જશે.

12) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર (મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી નામ/ અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

13) **confirm application** પર **click** કરતાં અહીં **"confirmation number" generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ પત્રવ્યવહાર કરી શકાશે નહીં. **Confirm** થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી રાખવી.

14) હવે **print application** પર **click** કરવું. અહીં તમારો **confirmation number** ટાઈપ કરવો અને **print** પર **click** કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવા જણાવવામાં આવે છે. જેથી ઉમેદવારે પોતે ઓનલાઇન રજૂ કરેલી અરજીની તે નકલ જરૂર પડ્યે ઉપોયોગમાં લઇ શકાય.

15) ઉમેદવારને ફોર્મ ભરતી વખતે માર્ગદર્શનની આવશ્યકતા જણાયતો ટોલ-ફ્રી નંબર : ૧૮૦૦૨૩૩૫૫૦૦ પર ફોન કરીને જરૂરી માર્ગદર્શન મેળવી લેવું.

16) અરજી કન્ફર્મ થઇ ગયા બાદ આગળના ફકરા.૮ માં આપેલ સુચનાઓ અનુસાર પોસ્ટ ઓફીસ ખાતે રોકડમાં પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા પોસ્ટલ ચાર્જ રૂ.૧૨/-ચલણથી ભરવાના રહેશે. આ ચલણ પણ **OJAS** વેબસાઇટ ઉપરથીજ ડાઉનલોડ કરવાનું રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની ઉમેદવારી રદ ગણાશે.

૮. પરીક્ષા ફી :-

1) ફોર્મ ભરતી વખતે **“General”** કેટેગરી **Select** કરી હોય (દર્શાવી હોય) તેવા (**E.W.S., SC, ST, SEBC, PH** તથા **Ex.Servicemen** કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
2) જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચૂક સાથે લાવવાની રહેશે.
3) અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
4) પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૦૬/૦૩/૨૦૨૧ (પોસ્ટ ઓફીસના કામકાજના સમય સુધી)ની રહેશે.
5) ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
6) પરીક્ષા ફી ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર **SMS** થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને **SMS** ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે પોસ્ટ ઓફીસ ખાતે ફી જમા કરાવેલ હોય તે પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે.
7) અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી **Select** કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
   - (ક) અનુસૂચિત જાતિ (**SC**)
   - (ખ) અનુસૂચિત જન જાતિ (**ST**)
   - (ગ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (**SEBC**)
   - (ઘ) આર્થિક રીતે નબળા વર્ગો (**Economically Weaker Sections**)
   - (ચ) માજી સૈનિક (**Ex-serviceman**) તમામ કેટેગરી
   - (છ) શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (**PH**) તમામ કેટેગરી

૯. પસંદગી પ્રક્રિયા :-

“પેટા હિસાબનીશ / સબ ઓડિટર” ની જગ્યા ઉપર પસંદગી પામવાનાં હેતુસર ઉમેદવારે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (**OMR**) પધ્ધતિની હેતુલક્ષી પ્રશ્નોવાળી ભાગ-૧ની લેખિત કસોટી અને ત્યારબાદ ભાગ-ર ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આ પરીક્ષામાં નીચે મુજબ ગુણભાર રહેશે.

(ક)ભાગ-૧લેખિત કસોટી: લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ(**OMR**) પધ્ધતિથી, લેખિત કસોટી ભાગ-૧ હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં સ્નાતક કક્ષાના સામાન્ય જ્ઞાન અને લઘુત્તમ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ પ્રશ્નોવાળુ એક પ્રશ્નપત્ર (**OMR**) રહેશે. કુલ પ્રશ્નો : ૧૫૦, ગુણ : ૧૫૦, સમય : ૦૨(બે) કલાકનો રહેશે. (સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૭-૦૫-૨૦૧૬ નો પત્ર ક્રમાંક : ભરત/ ૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ ક)

| પેપર | વિષય | ગુણ |
|---|---|---|
| પાર્ટ -૧ | સામાન્ય જ્ઞાન: ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનુ બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહિવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેંટ, ગાણિતિક કસોટીઓ વિગેરે | ૩૦ |
| પાર્ટ -૨ | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | ૨૦ |
| પાર્ટ -3 | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ |
| પાર્ટ -૪ | **Bachelor of Business Administration, Bachelor of Computer Application, Bachelor of Commerce, Bachelor of Science (Mathematics/Statistics)** તથા **Bachelor of Arts (Statistics/ Economics/Mathematics)**ના વિષયોની શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) અનુરૂપ વિષયો. | ૯૦ |
| | કુલ ગુણ : | ૧૫૦ |

નોંધ : (૧) (i) પરીક્ષા **Multiple Choice Question (MCQ)** અને **Optical Mark Reder (OMR)** પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. **(iv)** ખોટા જવાબ દીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે, **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં **O.M.R.** ઉત્તરપત્રમાં એક વિકલ્પ **"E" "Not attempted"** રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને **"E" "Not attempted"** વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) ભાગ-૧ લેખિત પરીક્ષામાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના કેટેગરીવાઇઝ ત્રણ ગણા ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ખ) ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી : ૭૫ ગુણ, સમય ૧ કલાક ૧૫ મીનીટ. (સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧-૧૦-૨૦૧૬ નો પત્ર ક્રમાંક: ભરત/૧૦૨૦૧૪/ ૬૩૮૯૩૭/ ક)

| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧. | એક્સેલ સ્પ્રેડશીટ | ૩૦ ગુણ |
| ૨. | ઇ-મેઇલ કરવા (વીથ ફાઈલ એટેચમેન્ટ ) | ૧૫ગુણ |
| ૩. | પાવર પોઈન્ટ | ૧૫ ગુણ |
| ૪. | ટેન્ડર નોટીસ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૧૫ ગુણ |
| | કુલ : | ૭૫ ગુણ |

નોંધ :- (૧) કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) ટેસ્ટ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં લેવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને કેટેગરીવાઇઝ મેરીટના ધોરણે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગ્યાના સામાન્યત: અંદાજે ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(ગ)લઘુતમ લાયકી ધોરણઃ મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે ભાગ-૧ લેખિત પરીક્ષા તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ દરેક માટે કુલ ગુણના ૪૦% ગુણ રહેશે. ભાગ-૧ લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારોને જ ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(ઘ)"પેટા હિસાબનીશ / સબ ઓડિટર" ની જગ્યા માટેની પસંદગી યાદી ભાગ-૧ની લેખિત પરીક્ષા **(OMR)** તથા ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટમાં મેળવેલ કુલ ગુણના આધારે અસલ પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

(ચ)ઉપર મુજબ તૈયાર કરેલ મેરીટ યાદીના ૨૦(વીસ) ટકા જેટલી ઉમેદવારોની મેરીટના ક્રમમાં લાયક ઉમેદવારોના નામ દર્શાવતી પ્રતિક્ષાયાદી પણ તૈયાર કરી જાહેર કરવામાં આવશે. આ યાદી તૈયાર કરતી વખતે દરેક કેટેગરીનું નિયમાનુસાર પ્રતિનિધિત્વ જળવાય તે જોવામાં આવશે. (સરકારશ્રીનો તા.૧૦-૦૮-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક : પીએસસી/ ૧૦૮૯/ ૩૯૧૦/ ગ-૨)

૧૦. સામાન્ય શરતો :-

(૧) જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છૂટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં માજી સૈનિક સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

(૩) સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) તથા તા.૨૬/૦૪/૨૦૧૬ અને તા.૧૨/૦૬/૨૦૨૦ના સમાન ક્રમાંકના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તેમજ તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૭/૧૨૪ ૩૮૨/અની જોગવાઈ મુજબ, તા.૦૧/૦૪/૨૦૧૭ થી અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

(૪) આર્થિક રીતે નબળા વર્ગ (**Economically Weaker Sections**) ના ઉમેદવારોએ ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :- ઈ.ડબલ્યુ.એસ. / ૧૨૨૦૧૯ / ૪૫૯૦૩ / અ ની જોગવાઈથી નિયત થયેલ **Annexure - KH (Eligibility Certificate For Economically Weaker Sections)** અંગ્રેજી નમૂનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તા.૧૪/૧/૧૯થી અરજી કરવાની છેલ્લી તા.૦૧/૦૩/૨૦૨૧ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

પરીક્ષા બાદ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકતાં ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે. આથી, ઓનલાઇન અરજી કરતી વખતે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને અને / અથવા આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા (**Eligibility Certificate For Economically Weaker Sections**) અંગેનું નિયત સમયગાળાનું અને નિયત નમૂનાનું પ્રમાણપત્ર ધરાવતા ના હોય તેવા ઉમેદવારોને જનરલ ઉમેદવાર તરીકે અરજી કરવા સલાહ આપવામાં આવે છે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવાર આવું નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર અને / અથવા આર્થિક રીતે નબળા વર્ગની પરિણીત મહિલા ઉમેદવાર આર્થિક રીતે નબળા વર્ગ માટે પાત્રતા (**Eligibility Certificate For Economically Weaker Sections**) પ્રમાણપત્ર તેમના પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઈશે. જો આવા ઉમેદવાર તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેને ધ્યાને લેવામાં આવશે નહીં.

(૬) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૦૯૬ /૨૨૧૩/ગ(૨) માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃલગ્ન કરેલ ન હોવા જોઈએ. ઉપરાંત, મંડળની કચેરી માંગે ત્યારે તેના તમામ પુરાવા મંડળને અસલમાં રજૂ કરવાના રહેશે.

(૭) એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, કબડ્ડી, રાઈફલશુટિંગ, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડ બોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૦૭૭/૨૬૬૦/ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૮૮/૩૬૪૪/ગર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર મંડળ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આવુ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ માટે હક્કદાર થશે. **Sports** માં અરજી કરનાર ઉમેદવાર જો મંડળ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને **Sports** ના ગુણ મળવાપાત્ર થશે નહીં.

૧૧. સામાન્ય સૂચનાઓ :-

1. ફક્ત જગ્યાની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી કરવાની રહેશે અને ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (કેટેગરી- E.W.S, SC, ST, SEBC), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક ખોડખાંપણ, અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્સ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબકકેથી ''રદ'' ગણવામાં આવશે.
2. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવાના રહેશે. તેમજ મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.
3. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર SMS થી મોકલવામાં આવશે તેથી દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.
4. ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે નાણા વિભાગના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકની "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-૩ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી ધ્વારા નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ સમયગાળા દરમ્યાન પાસ કરવાની રહેશે.
5. આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવાને પાત્ર ઠરશે.
6. ઉમેદવાર પોતે નાણા વિભાગના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકની "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-૩ સંવર્ગની મેરીટ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો -૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી. તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.
7. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે નાણા વિભાગના ખાતાના વડા હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી હસ્તકના "પેટા હિસાબનીશ / સબ ઓડિટર" વર્ગ-૩ સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો-ભરતી પરીક્ષા નિયમોને આધિન રહેશે.
8. આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.
9. બોર્ડ (મંડળ) ની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ ભલામણ છે.
10. આ ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

૧૨. મંડળ જે કોઈ ઉમેદવારને,

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,

6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,
7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાં થી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. **OMR** ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નીશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે,
11. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે,
12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા
13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષતિ ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિદિષ્ટ મુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.
14. ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

૧૩. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દ્રષ્ટાંત સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય
(૨) ઓનલાઇન અરજી કન્ફર્મ કરવામાં આવી ન હોય.
(૩) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય
(૪) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટસાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય
(૫) અરજી ફેકસ થી, ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય
(૬) બિનઅનામત વર્ગના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય
(૭) અનુસૂચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ, શારીરિક ખોંડખાંપણ ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનુ; પ્રમાણપત્ર ધરાવતા ન હોય
(૮) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનુ; ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું (નોન-ક્રિમિલીયર) પ્રમાણપત્ર ધરાવતા ન હોય.
(૯) આર્થિક રીતે નબળા વર્ગો (**Economically Weaker Sections**)ના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું; (ફકત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે) આર્થિક રીતે નબળા વર્ગો માટેનું પાત્રતા (**Eligibility Certificate For Economically Weaker Sections**) પ્રમાણપત્ર ધરાવતા ન હોય.

૧૪. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/ અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખ : ૨૦/૦૧/૨૦૨૧.
સ્થળ : ગાંધીનગર.

સચિવ,
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર.